# કર્ણસિંહકૃત ગિરનારસ્થ 'ખરતરવસહી-ગીત'

સોળ કડીમાં નિબદ્ધ અને કેટલાંક ઐતિહાસિક તથ્યો સમાવતા આ ગીતના રચયિતાએ આખરી કડીમાં પોતાનું નામ 'કરણસંઘ' આપ્યું છે.★ પણ તેમાં કર્તાએ પોતા વિશે કંઈ વિશેષ કહ્યું નથી. તેમ રચનાનું વર્ષ પણ દર્શાવ્યું નથી; પણ વસ્તુની દૃષ્ટિએ કૃતિ ૧૫મા શતકના આખરી ભાગ યા ૧૬મા શતકથી પ્રાચીન હોય તેમ જણાતું નથી. આથી કર્ત્તા ૧૫મા-૧૬મા સૈકામાં થઈ ગયા જણાય છે. સંભવ છે કે તેઓ ખરતરગચ્છની આમ્નાયના શ્રાવક હોય.

સંપ્રતિ રચના—ખરતરવસહીગીત—ગિરનાર પર ખરતરગચ્છીય નરપાલ સંઘવીએ ઈ૰ સ૰ ૧૪૪૧થી થોડાં વર્ષ પૂર્વે (મોટે ભાગે ઈ૰ સ૰ ૧૪૩૮ના અરસામાં), પૂર્વે વસ્તુપાલ મંત્રીએ કરાવેલ સત્યપુરાવતાર મહાવીરના જૂના મંદિરને કાઢી નાખી તે સ્થળે નવું બંધાવેલું તે મંદિરને અનુલક્ષીને થઈ છે. નવનિર્માતા ખરતરગચ્છીય હોવાથી આ મંદિર "ખરતરવસહી" નામથી ૧૫મા શતકના ઉત્તરાર્ધથી જાણીતું થયેલું; જો કે એ નામ પણ પછી તો ભુલાઈ જવાથી વર્તમાને તે (ખોટી રીતે) 'મેલકવસહી' નામે પરિચયમાં છે. (જુઓ આ ગ્રંથના દ્વિતીય ભાગ અંતર્ગત મારો આ ખરતરવસહી સંબદ્ધ વિસ્તૃત લેખ.)

રચયિતા કવિએ ૮મી કડીમાં જિનભદ્રસૂરિના વચનથી ભણસાલી નરપાળે પ્રસ્તુત મંદિર બંધાવ્યાનું કહ્યું છે; અને મંદિરના વર્ણનમાં મંડપની પૂતળીઓ, જમણી બાજુએ રહેલ (ભદ્રપ્રાસાદમાં) અષ્ટાપદની રચના, તેમ જ (તેની સામે) ડાબી બાજુએ એ જ પ્રમાણે રહેલા (ભદ્રપ્રાસાદમાં રહેલા) નંદીશ્વરનો ઉલ્લેખ કરે છે. મૂળ ગભારામાં અધિષ્ઠિત જિનવીરની ધાતુમૂર્તિ, તેનાં રત્નજડિત પરિકર અને તોરણનો પણ ગીત-કર્ત્તા ઉલ્લેખ કરે છે. એકંદરે ગીતનું કલેવર પાતળું છે. કૃતિ દેશ્ય ઢાળમાં ઢળેલી છે, પણ સંઘટન બહુ વ્યવસ્થિત નથી. ભાષા પૂર્ણરૂપે જૂની ગુજરાતીને બદલે મરુ-ગૂર્જરના સ્પર્શવાળી જણાય છે. ખરતરગચ્છનું જોર રાજસ્થાનમાં ઘણું હતું ! કર્ત્તા 'કરણસંઘ' એ તરફના હોવાનો સંભવ છે.

**ટિપ્પણો :**

★ પાટણના શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનભંડારમાં રહેલી, અને એક માત્ર ઉપલબ્ધ પ્રતિ (ક્રમાંક ૩૧૨૨), પરથી અહીં સંપાદિત કરવામાં આવી છે. સંપાદક પ્રસ્તુત સંસ્થાના આભારી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# કર્ણસિંહકૃત ગિરનારસ્થ ખરતરવસહી-ગીત

ગિરિ **ગિરનારિ** વખાણીઈ હો ઈસર કવિ કવિલાસ ।
સ તસ સિરિ સામી સામલા હો **અંબિકાદેવિ** પ્રકાસ ॥૧॥

પ્રીય **ખરતરવસહી** જોઈએ જાણે કરતલ-વમાણ ।
પ્રીય લોચન તનમન જાઇઇરે તું સાંભલિ હો ચતુર સુજાણ ॥૨॥ પ્રીય૦

હયવરનરવષભહ તણી હો વિનપતિ પુણ્યસલોક ।
**મંડપિ મોહણ-પૂતલી** હો જાણે કરિ કીઓ ઈંદ્રલોક ॥૩॥ પ્રીય૦

કરકમલિ લખલખ પંખડી સહલ સરૂપ સરંગ ।
શિખર-પ્રાસાદ ઉદ્યોતમઈ હો દંડકલસ ધજદંડ ॥૪॥ પ્રીય૦

સોવનજાઈ મણિરુપ્યમઈ હો મોતી ચઉક પૂરાવિ ।
આગલિ તિલક પબેવડ ઉરે પેખવિ હરખ ન માઈ ॥૫॥ પ્રીય૦

**નેમિ** કડણિ **પ્રભુ** દાહિણિ હો **અષ્ટાપદ અવતાર** ।
વામઇ **કલ્યાણકતય** હો **નંદીસર** જગિ સાર ॥૬॥ પ્રીય૦

સંઘ મરોઈ અણાવિઉ હો **સપત-ધાત જિણ વીર** ।
**પરિગર** રતન જડાવિઇ હો **તોરણ** ઉલકઈ બઈ હાર ॥૭॥ પ્રીય૦

લબધિવંત **જિનભદ્રસૂરિ** ગુરુજી સુવચની સવિસાલ ।
દૂસમ-ભવન સમુધ્ધરઈ હો સો ધન ધન મા **નરપાલ** ॥૮॥ પ્રીય૦

**ભણસાલી** તે પરિકરઈ હો જે કીઓ ભરવેસર રાઓ ।
ઉજલિ અષ્ટાઉરે તે નિરખતા અંગિ ઊમાહ ॥૯॥ પ્રીય૦

પહિરિ ધોતિ નિજ નિરમલી હો અષ્ટાવિધ પૂજ રચેસિ ।
ભાવના ભાવિસુ ઇ જિમલી હો જીવઅ સફલ કરેસું ॥૧૦॥ પ્રીય૦

ચંદન ભરી કચોલડી હો આણી માલણિ ફુલડી
ચંપક પાડલ સેવંત્રી જેમ ગંધ-પરિમલ વહમૂલ ॥૧૧॥ પ્રીય૦

બારણ વરણ તીરથ અષ્ટાપદ પઢમ પુણ્ય પ્રકાર ।
સમતિ શ્રવણ સબ સંપજઇ હો કેવલિ કરઈ વખાણ ॥૧૨॥ પ્રીય૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચિહું દિસિ બારહ બારણા હો આંબલડા આરામ ।
પ્રવર પ્રાસાદ સોહામણા હો પુણ્ય તણા થિર ઠામ ॥૧૩॥ પ્રીય૰

બલિ કાજસુ તસુ હાથલડા હો સૂત્ર સઘન સૂત્રધારક ।
એક જીભ ગુણ તેહ તણા પહિવઈ ન લાભઈ પાર ॥૧૪॥ પ્રીય૰

પારખઉ મ તણઈ પારખાઈ હો અવર ન પૂજઈ કોઈ ।
સકૃત કૂવાણા વંજિયા હો જિણ લાભઈ અનંત હો ॥૧૫॥ પ્રીય૰

સજ વેષધિ આણંદિઈ હો સહડ સતન સવિચાર ।
**કરણસંઘ** સાર ભણઈ હો ચીરંજીવઓ સંપરવાર ॥૧૬॥ પ્રીય૰

**ઇતિ શ્રી ગિરનાર મુખમંડણ ખરતરવસહી ગીત ।**

● ● ●

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org